# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

નીતિ નથી કોઇ પક્ષમાં, બધા લીંપેલા છે,
અંગત સ્વાર્થે ખાયકીમાં બધા ખૂંપેલાં છે,
ડૂબેલા છે ગળાડૂબ અનીતિમાં ગડકરી -
નાટક કરે વિરોધનું, બધા સંપેલા છે.
(છે બધા ચોરનાં ભાઇઓ)

## હાઇકુ

ઉડ્યા નશામાં,
ને પડ્યાં ઊંધે માથે -
કિંગ-ફિસર
(તબેલામાં)

ફેરવે મત
ચૂંટણી છે ચંચળ
દારૂ ને લક્ષ્મી
(હેરાફેરી શરૂ)

## ચિંતન

**વાક્ ચક્ષુઃ શ્રોત્રલયં લક્ષ્મીઃ કુરૂતે નરસ્ય કો દોષઃ ।**
**ગરલ સહોદરજાતા તચ્ચિત્રં યન્નઃ મારયતિ ॥**

'લક્ષ્મી જે પુરૂષને સેવે છે અર્થાત જેની પાસે જાય છે તે પુરૂષનાં વાણી, આંખ, કાન, વગેરેનું હરણ કરી લે છે - લઇ લે છે એમાં એ પુરૂષનો શું દોષ છે? કારણ કે લક્ષ્મી તો હળાહળ ઝેરની સહોદર બહેન છે એટલે એ માણસને તદ્દન મારી નાખતી નથી એટલું જ આશ્ચર્ય છે!

આપણે વ્યવહારમાં જોઇએ છીએ કે લક્ષાધિપતિ-કરોડપતિ થતાં જાય છે કરોડપતિ અબજોપતિ - સરકારી સાહેબો અને પ્રધાનશ્રીઓ તો 'લક્ષ્મી' ને ક્યાં-કેમ-સંતાડવી અને રોકાણ કરવું એની ચિંતામાં જ 'હૃદયરોગ'ના દર્દી થઇ 'જતા' રહે છે.

**અહીં શ્લોકમાં કવિએ સારા વ્યંગમાં કહ્યું છે કે, લક્ષ્મી જેની પાસે જાય તે પુરૂષની પ્રથમ વાણી લઇ લે, એની વાણીમાં સત્ય-નમ્રતા-વિવેક રહેતાં નથી દંભ-અસત્ય-અવિવેક આવે છે.**

પછી આંખ લઇ લે છે એમને ગરીબી-પીડા કોઇનાં દુ:ખ-દર્દ દેખાતાં નથી, આંખમાં શરમ-સાંજા-પ્રેમ રહેતાં નથી.

પછી કાન લઇ લે, અર્થાત કોઇની વિનંતી-દુ:ખ-પીડા-આજીજી-દર્દ એને સંભળાતાં જ નથી, એ આ રીતે આંખ-કાન અને કઠોરવાણી વાળો નરાધમ રાક્ષસ જેવો જ થઇ જાય છે.

લક્ષ્મીનો જન્મ સમુદ્રમાંથી થયો (સમુદ્રમંથન) ઝેર-વિષ પણ એમાંથી જ જન્મ્યું આમ એ બંને સહોદરમાં ઝેર - કાતિલ રીતે તરત મારે લક્ષ્મીજી રિબાવી-હસાવી-હસાવીને મારે છે.

## સુવિચાર

- વિશ્વાસ અને નિર્દોષપણું શિશુ સિવાય તમને અન્યત્ર ક્યાંય જોવા નહીં મળે - **દાંતે**
- શિશુ પણ મોટાં જેવાં જ હોય છે, એ પણ બીજાના અનુભવથી શીખતાં નથી- **જ્યોર્જ**
- જે અગણિત ત્રાસ સહન કરીને પણ શિશુને પ્રેમ કરે છે તે વ્યક્તિને દુષ્ટ ન કહો - **શેખ સાદી**
- જેમ સૌથી નાનો ગ્રહ સૂર્યથી વધારે નજીક હોય છે તેમ સૌથી નાનું શિશુ ઇશ્વરની અધિક નિકટ હોય છે - **રિસ્ટર**
- શિશુના સૌંદર્યમાં અને ભોળપણમાં જ ઇશ્વરનું દર્શન થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- શિશુને જિંદગીભર ચાલવાનું છે એ જ માર્ગનું શિક્ષણ આપો, તે વૃધ્ધ થશે ત્યાં સુધી ભૂલશે નહીં - **બાઇબલ**
- ઉત્તમ શિશુના નિર્માણનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે તેને પ્રસન્ન રાખો - **વાઇલ્ડ**

## બોધ કથા

ગાંધીજીને વાણીમાં અને વ્યક્તિત્વમાં સત્યનું અપૂર્વ તેજ અને બળ હતું. એમનાં પ્રભાવમાં એક જાદુઇ મોહિની હતી, એમનાં સાદા વર્તન અને વક્તવ્યથી પણ ભલભલા પ્રભાવશાળીને એ પાણી-પાણી કરી નાખતા.

સાહિત્ય સર્જક મૂલ્કરાજ આનંદ પોતાને માર્ક્સવાદી વિચારધારાનાં માનતા, અને લંડનથી પોતાની નવલકથા અંગ્રેજી 'અનટચેબલ' (ગુજરાતી અનુવાદ-અછૂત) મહાત્મા ગાંધીજીને જાતે સંભળાવવા હિન્દુસ્તાન આવ્યા હતા.

પોતાની પ્રતિભા એક અંગ્રેજ તરીકેની ઉપસાવવા મુલ્કરાજ આનંદ-હેટ-લાલકોટ અને પેન્ટ પહેરી ગાંધીજીને મળવા આવ્યા.

ગાંધીજીએ ચિડાઇને એમની સામે જોયું. અને પછી મહાદેવભાઇ દેસાઇ તરફ ફરીને કહ્યું, અરે! મહાદેવ - આ વાંદરાને માણસ બનાવી પછી જ મારી સામે લાવ! અને મૂલ્કરાજને કહ્યું આ શું! આવાં લાલ વાંદરા જેવા કપડાં કેમ પહેરો છો?

મૂલ્કરાજ તો ડઘાઇ જ ગયા.

- પછી મહાદેવભાઇ દેસાઇએ તેમને ખાદીનાં ઝબ્બો-લેંઘો આપ્યાં અને ગાંધીજી સાથે 'અનટચેબલ'ની ચર્ચા થઇ. ગાંધીજીએ એમનાં ૨૭૫ પાનાંમાંથી અર્ધા કરી નાખ્યાં, એની કાપકૂપ કરી, પણ મૂલ્કરાજ આનંદને એ નવલકથાએ ખૂબ જ કીર્તિ અપાવી.

ત્યાર પછી મૂલ્કરાજ ગાંધીવાદી થઇ ગયા અને આશ્રમમાં જ રોકાઇ ગયા.

# દુનિયા આખી પાકિસ્તાનને 'ઓળખી' ગઇ છે, છતાં ભારત કેમ વળી વળીને એની સાથે દોસ્તીનો હાથ લંબાવતું ફરે છે, એ સમજાતું નથી

## વર્તમાન પ્રવાહો

- કેશુભાઈ દેસાઈ

### શિંદેનો કાશ્મીર પ્રવાસ : કેટલાક સૂચિતાર્થો

કાશ્મીરને આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયી ભારત માતાનો મુગટ કહીને બિરદાવતા રહ્યા છે. એ પણ સાચું કે કાશ્મીર આદિ-અનાદિ કાળથી તંત્ર અને અધ્યાત્મ વિદ્યાનું કેન્દ્ર રહ્યું છે. આદિ શંકરાચાર્યથી લઇ વિવેકાનંદ અને પં. જવાહરલાલ નહેરૂ સુધીના અખંડ હિન્દુસ્તાનના સપૂતોને કાશ્મીરનું ભારે આકર્ષણ રહ્યા કર્યું છે. પં. નહેરૂ તો પોતે કાશ્મીરી પંડિત કુળનાં જ માણસ હતા. લલ્લેશ્વરી જેવી અખિલ ભારતીય સંસ્કૃતિની આરાધક કવયિત્રીને પણ કેમ ભૂલીએ? પરંતુ છેક વિભાજનકાળથી જ કાશ્મીર ભારત સરકાર માટે એક કાયમી શિરદર્દ બની રહ્યું છે. કબાઇલીઓએ હુમલો કરીને પચાવી પાડેલું કાશ્મીર 'આઝાદ કાશ્મીર તરીકે ઓળખાય છે અને અત્યારે એ પાકિસ્તાનના કબજામાં છે જયારે ખુદ ભારતીય કાશ્મીરમાં રહેનારા અલગતાવાદી તત્ત્વો વારંવાર કાશ્મીરને 'સ્વતંત્ર' કરવા માટેની બૂમરાણ મચાવતાં રહે છે અને યુનો હસ્તક પડેલા વિવાદને વળ ચડાવતાં રહે છે, પાકિસ્તાન આવાં અલગતાવાદી તત્ત્વોને છૂપી તેમજ ખુલ્લી મદદ કરતું રહે છે. બરફ પડવાની શરૂઆત થાય કે ટાંપીને ઘૂસણખોરી કરવાની રાહ જોતાં આતંકી જૂનોનાં ધાડેધાડાં ખીણમાં ધસી આવતાં હોય છે. ખીણની પ્રજા માટે આ લગભગ રોજિંદી સમસ્યા બની ગઇ હોઇ એ એવાં માથાભારે તત્ત્વો સાથે પણ સમુળથી રહેવાની સમાધાનકારી જીવનશૈલી અપનાવતી રહી છે. બીજું કરે પણ શું? આવાં માથાભારે જેહાદી અને અલગતાવાદી કટ્ટરતાવાદીઓની હરકતો શાંતિપ્રિય પ્રજાને થોડી પસંદ હોય? પરંતુ આવા હલકટ્ટ તત્ત્વો કે આતંકવાદીઓ સામે અવાજ ઉઠાવવા જાય તો જીવનું જોખમ. તેથી નાછૂટકે એ જુલમ સહન કરવામાં જ સલામતી સમજે છે. બીજી તરફ ભારતીય લશ્કર અને પોલીસ સતત આવાં અનિષ્ઠ તત્ત્વોનું પગેરૂં શોધતાં રહે છે. પ્રજા માટે બેઉ તરફથી માર પડે એવા સંજોગો સરજાતાં રહે છે. ક્યારેક ભારતીય લશ્કર કે સરહદી સલામતી દળનાં જવાનો વધારે પડતી કડકાઇ પણ આચરી બેસે છે. ખીણની પ્રજાને માથે સતત દહેશતગર્દીનો ભય તોળાયેલો રહેતો હોઇ એ કાયમી ટેન્શનમાં જીવે છે.'



આવા સંજોગોમાં કેન્દ્રનાં નવા વરાયેલાં ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ ગૃહખાતાનો હવાલો સંભાળતાની સાથે સરહદી વિસ્તારોની મુલાકાત લેવાનો નિર્ણય કરીને પ્રજામાં સધિયારાનો માહોલ પેદા કરવાનો પ્રયાસ કર્યો છે. શિંદે વરિષ્ઠ કોંગ્રેસી આગેવાન છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે કામગીરી બજાવી ચૂકેલા શિંદે કેન્દ્રમાં વિદ્યુતમંત્રી હતા. પ્રણવ મુખર્જીએ રાષ્ટ્રપતિની ચૂંટણી લડવા માટે કોંગ્રેસના સક્રિય તથા પ્રાથમિક સભ્ય તરીકે રાજીનામું આપ્યું ત્યારે લોકસભામાં કોંગ્રેસની સંસદીય પાંખનાં ગાંધીએ આ પદ પર દલિત સમાજમાંથી આવતા સૌમ્ય નેતા શુસીલકુમાર શિંદેની નિયુક્તિ કરીને એક કાંકરે અનેક પક્ષી પાડી દીધાં છે. શિંદે ગૃહમંત્રી તરીકે ચિદંમબરમ્ જેવા સજ્જ અને સુપ્રતિષ્ઠિત રાષ્ટ્રીય નેતાના અનુગામી તો બન્યાં જ; ઉપરાંત એમનાથી રાતોરાત 'સિનિયર' પણ બની ગયા, અને કેબિનેટમાં નંબર-૨નું સ્થાન મેળવી લીધું.

શિંદે ગૃહમંત્રી તરીકે ઢીલા પડશે એવી દહેશત સામે એમણે કારગીલ અને શ્રીનગરની મુલાકાત લઇ પોતાની ઠંડી તાકાતનો પરચો આપ્યો છે. શ્રીનગરના લાલચોક વિસ્તારને આતંકવાદીઓનો ગઢ માનવામાં આવે છે. શિંદેએએ જ લાલચોક વિસ્તારમાં રાતના સમયે શોપિંગ કરવા નીકળીને પ્રજાને અજબ ગજબનો સધિયારો બંધાવ્યો છે. જમ્મુ અને કાશ્મીરના યુવાન મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સાથે પ્રજાની વચ્ચે પગપાળા જ ખુલ્લી બજારમાં સાંજ ઢળ્યા પછીના સમયે શોપિંગ કરવાનું સાહસ અત્યાર સુધી બીજા કોઇ કેન્દ્રીય મંત્રીએ કર્યાનું યાદ નથી આવતું. લાલચોક વિસ્તારની પ્રજા માટે પણ આ એક 'જોણું' જ બની રહે તે સ્વાભાવિક છે. તાજેતરમાં ઓમર અબ્દુલ્લાએ ચૂંટાયેલાં સરપંચો એ પંચાયતોના સદસ્યો ઉપર આતંકવાદીઓએ વરસાવેલા કાળા કેર સબબ પડકાર ફેંકેલો તે યાદ આવે છે. એમણે કહ્યું તું કે આતંકવાદીઓ બાયલા છે પરંતુ રક્ષણ વિહોણા ચૂંટાયેલાં પંચાયત સદસ્યો અને સરપંચો ડરાવે છે અને રાજીનામાં આપવાની ફરજ પાડે છે. તાકાત હોય તો મારા પર હુમલો કરી બતાવે! શિંદેએ શ્રીનગરની રાત્રી ચર્ચા મારફત ઓમર અબ્દુલ્લાને આતંકવાદનો હિંમતપૂર્વક સામનો કરવા માટે બળ પૂરૂં પાડ્યું છે. એમનીઆ ચેષ્ટાથી ખીણની પ્રજામાં પણ સરહદ પારથી ઘૂસણખોરી કરીને દહેશતગર્દી ફેલાવતાં કટ્ટરવાદી અને અલગતાવાદી જૂથો સામે ટક્કર લેવાની નૈતિક તાકાત જન્મી છે. શિંદેની મુલાકાતવેળાએ લાલચોક વિસ્તારના શાંતિપ્રિય નાગરિકોનાં પ્રતિનિધિઓને આ દેશની અલગ-થલગ પડી ગયેલાં પંથકમાં પણ 'ભારતનું શાસન' પ્રવર્તતું હોવાની પ્રતીતિ થઇ છે. લાલચોકમાં છડેચોક પાકિસ્તાનના ચાંદ-તારાવાળા ઝંડા ફરકાવનારાં તત્ત્વો કાં તો રાતોરાત ભૂગર્ભમાં ચાલ્યા ગયાં છે અથવા એમણે બિસ્તરાં પોટલાં બાંધી ચૂપચાપ રવાના થઇ જવાનું પસંદ કર્યું છે. થોડાક જ દિવસ અગાઉ કાશ્મીર ખીણ ખાતે એક મકાનમાં બે આતંકવાદીઓ ઘૂસી ગયાં અને એ મુઠભેઠમાં ભારતીય સિપાઇઓને પણ ઇજા પહોંચી હતી.

ઓમર અબ્દુલ્લાએ થોડાં વખત પહેલાં રાહુલ ગાંધીની સાથેનાં સંબંધ પરત્વે પણ કાશ્મીર ખીણમાંથી પંડિતોની સામૂહિક હિજરત પછી ઘણાં વર્ષ બાદ અપૂજ મંદિરો ખૂલતાં થયાં છે. આવાં એક શિવાલયમાં કાશ્મીરનાં ભૂતપૂર્વ રાજવી ડો. કરણસિંહ આરતી ઉતારી આવ્યાં, તે પણ કાશ્મીર માટે સારા દિવસો આવી રહ્યાની એંધાણી જ ગણાય. ખીણમાં સુલેહશાંતિનું વાતાવરણ જળવાય તે કાશ્મીરની પ્રજાની જીવાદોરી સમા પ્રવાસન ઉદ્યોગ માટે પણ ખૂબ જરૂરી છે.

પરંતુ બીજી તરફ આતંકવાદીઓ અને અલગતાવાદીઓનાં છમકલાં ચાલુ જ રહ્યાં કરે છે, તેની પણ નોંધ લેવી જ રહી. સુશીલકુમાર શિંદેએ સરહદ પારથી થતી ઘૂસણખોરીને મુદ્દે પાકિસ્તાનને જવાબદાર ઠેરવ્યું છે અને સુલેહ ઇચ્છતી બેઉ પાડોશી દેશોની પ્રજાને પાકિસ્તાની જાસૂસી સંસ્થા - આઇએસઆઇ દ્વારા આતંકવાદીઓને મળતા આશ્રય તથા મદદગારીના મુદ્દે ચેતવી છે. જયાં સુધી પાકિસ્તાન એના બદઇરાદા ભર્યા વહેવારથી મુક્ત નહીં બને ત્યાં સુધી સુલેહની ગુલબાંગો નિરર્થક જ સાબિત થવાની છે. શિંદેની જેમ અગાઉના ગૃહમંત્રી પણ મુંબઇ હુમલાની જવાબદારી પાકિસ્તાન પર ઢોળતાં રહ્યાં હતા, પરંતુ પાકિસ્તાનને તો જાણે હજી એના ગુનેગારો સામે પુરાવા મળ્યા જ નથી બલ્કે ભારત તરફથી સોંપયેલાં પુરાવાઓને એણે ક્યારેય સંતોષકારક માન્યા જ નથી. દુનિયા આખી પાકિસ્તાનને 'ઓળખી' ગઇ છે, છતાં ભારત કેમ વળી વળીને એની સાથે દોસ્તીનો હાથ લંબાવતું ફરે છે, એ સમજાતું નથી.

# એક જગત જનનીમાં સમગ્ર માતાઓ અને સમગ્ર માતાઓમાં એક જગત જનનીનો પ્રાદૂર્ભાવ થયેલો છે

## સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

જ્યોતિ મહિલા મંડળ લગભગ ૪૦ વર્ષોથી દર વર્ષે નવરાત્રીમાં પહેલા નોરતે માત્ર મહિલાઓ માટેની ગરબા સ્પર્ધાનું આયોજન કરે છે. પાંચ વર્ષની દીકરીથી માંડીને સાત - સાત દાયકા વટાવી ચૂકેલાં બા પણ મન મુકીને ગરબે ઘૂમે છે. તાળીઓની રમઝટ વચ્ચે એક તાલી સ્ત્રી શક્તિની આલબેલ પોકારે છે. પવિત્રતા અને પીડા સ્ત્રીની બે હથોડીઓ છે. ચાર વર્ષની બાળા પોતાની નાજુક હથેળીઓમાં ભાઇલાને રમાડતી હોય કે માના ઘરકામમાં નાના-મોટાં ટાપાં દ્વારા મદદરૂપ થતી હોય ત્યારે મમતાના નિર્મળ પ્રેમનું ઝરણ તેની પવિત્ર હથેલીઓમાં પ્રગટે છે અને કામ કરાવતાં બરછટ થયેલી આંગળીઓ પહેલીવાર પીડાનો સ્પર્શ પામે છે. પીડાને વાળનાં ચોટલે ગુંથીને આંખોમાં પવિત્રતા આંજી તેની સફર શરૂ થાય છે.

'મા' ના આંગણામાં ખોળો વાળીને હજી પાંચીકડાં રમતાં હોય, ફેર કુદરડી ફરતાં - ફરતાં હજી ફેર પણ ન ઉતર્યા હોય, ખાટાં બોરની મીઠી ખટાશને માણી ન માણી ને સહિયરના દાવ આપવાનાંય બાકી હોય ને ઢોલ ઢબૂકી ઉઠે, શરણાઇ વાગે ને મહિયરની રૂમઝૂમતી નદી એક અજાણ્યા સાગરના ઉંબરે પહોંચવા વહી નીકળે છે. ગામના પાદરે ઉગેલા વડલા પર બાળપણને એની મસ્તીને ટીંગાડીને અજાણ્યા



ઘરની ભૂંતે કંકુ થાપા મારી ગૃહસ્તીના ભારને પોતાના પાલવમાં સમેટી લે છે. અહીં પીડા તેની તાકાત બને છે અને પવિત્રતા તેનો સાળુ બને છે. પત્ની, મા, ભાભી, દેરાણી, જેઠાણીની અનેક ભૂમિકાઓ એક સાથે ભજવે છે.

સવારની ચ્હાથી માંડીને રાત્રે સુતી વખતે પથારીમાં ઓઢવાનાં ઓઢાડ મુકવાની કાળજી લેતી આ સબળ અબલાને ક્યારેય 'થેન્ક યુ'ની પરવાહ નથી રહી. 'ગૃહિણી' ની ફરજ એક એવી છે જેમાં ક્યારેય મુક્તિ, રજા કે નિવૃત્તિનો કોઇ અવકાશ જ રહેતો નથી. સપરિવાર પ્રવાસમાં જાય તોય પતિની કાનની ટોપી કે બાળકના સ્વેટરની ચિંતાના ચાસ તેના ચહેરા પર સદાય દેખાય. અમે નાના હતા ત્યારે મારાં મમ્મી નોકરી કરતાં. અમે શાળાએથી વહેલાં છૂટીને ઘરે આવતાં ત્યારે મમ્મીએ સવારે બદલેલી સાડી પડી હોય અને મને એ સાડીમાં લપાઇ જવું ખૂબ ગમતું, એ સાડીમાંથી સવારે મા એ કરેલા દાળના વઘારની ખૂશ્બુ અને સાથે તેના શરીરની સુગંધ ભેગાં મળી એવું અજબ કામણ કરતાં કે એ સાડીને લપેટાઇને ઉંઘવાની ખૂબ મજા આવતી. મીણનું હૈયું ધરાવતી માના ખોળે દુનિયાભરના દુ:ખો - તકલીફો મીણ મીણ થઇ ઓળગી જાય છે.

એક સ્ત્રી જયારે માતા બને છે ત્યારે જગત જનની સાક્ષાત્ અંબાનો અંશ તેના હૈયે આવીને વસે છે. તેની મમતા દૈવીતત્વ છે. એક જગત જનનીમાં સમગ્ર માતાઓ અને સમગ્ર માતાઓમાં એક જગત જનનીનો પ્રાદૂર્ભાવ થયેલો છે. શામળાજીમાં મેશ્વો નદીનાં કિનારે એક કળશી છોકરીની માનું મંદિર છે. માની વિરાટમૂર્તિ છે તેના ખોળામાં - ખભે ઘણાં બધાં છોકરાં છે. પૂછતાં ખબર પડી કે, ઘણાં વર્ષો પહેલાં એક સ્ત્રીને ઘણાં બધાં બાળકો હતા. સ્ત્રી અતિશય ગરીબ! પરાણે પોતાનું પોતાના બાળકોનું એ ભગવાનને કહ્યું, "આ સ્ત્રી બિચારી ગરીબ છે. પરાણે પોતાનું અને બાળકોનું પેટ ભરે છે? તેનાં ઘણાં બધાં છોકરાઓમાંથી, આપણે થોડાં બાળકો આપણી પાસે રાખીએ તો?" ભગવાન હસ્યાં અને કહ્યું, "ચાલો! તેને જ પૂછીએ" ભગવાન ગયાં સ્ત્રી પાસે અને બોલ્યાં, 'બાઇ! તું ઘણી ગરીબ છે અને તારા બાળકો ઘણાં વધારે છે. તું એમાંથી થોડાં બાળકો અમને આપી દે જેથી તારો 'બોજ' ઓછો થાય!' સ્ત્રી વિચારમાં પડી ગઇ. તેણે જવાબ આપ્યો.

'ભગવાન! હું મારા છોકરાઓને મારા શરીર પર ખોળામાં બેસાડું જેટલાં મારા શરીર પર ધાવણ થાય એટલાં મારાં ને બાકી રહે તેને તમે લઇ જાવ!'

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે


### ૨૫મી ઓક્ટોબર

- વિશ્વનાથ આયુર્વેદિક વિદ્યાલયના સ્થાપક તજજ્ઞ ડો. ગણનાથ સેનની પુણ્યતિથિ - ૨૫.૧૦.૧૯૪૪.

  શરીરશાસ્ત્ર, દ્રાવ્ય ગુણ, વિજ્ઞાન જેવા અનેક વિષયો દ્વારા આયુર્વેદ શાસ્ત્રને સમૃધ્ધ કર્યુ.

- ભારતમાં અંગ્રેજી ભાષાને શિક્ષણના માધ્યમ તરીકે લાવવામાં મોટો ફાળો આપનારા થોમસ બેલિંગ્ટન મેકોનોનો જન્મ ૧૮૦૦. ભારતીય ફોજદારી કાયદાની સંહિતાના તેઓ શિલ્પી હતા. ઉત્તમ સંભાષક શૈલીદાર વક્તા. 'હિસ્ટ્રી ઓફ ઇંગ્લેન્ડ' નામે છ ભાગમાં ઇંગ્લેન્ડનો ઇતિહાસ લખ્યો.

- ૧૯૬૪ - ભારતની સ્વ બનાવટની પહેલી ટેન્ક વિજયન્ત ખુલ્લી મુકાઇ.



- ૧૯૧૧ - ચોથાં મુખ્યમંત્રી ઘનશ્યામ ઓઝાનો જન્મ.

- ૧૪૦૦ - કંટરબરી ટેઇલ્સ સર્જક અંગ્રેજી ભાષાના આદિકવિ જ્યોફ્રે ઓસરનું અવસાન.

- ૧૯૭૩ - ૨ કલાક ૧૨ મિનિટ અને ૧૧.૧ સેકન્ડમાં ૨૬ માઇલ - ૩૮૫ વારનું અંતર કાપનાર વિશ્વ વિક્રમી અજોડ દોડવીર એબિલી બિકિલાનું અવસાન.

# સમય જેમ સરતો ગયો તમે રોગ ગંભીર બનતો ગયો, હવે તો શરીર ક્ષીણ થવા લાગ્યું હતું, તનથી અને મનથી શાંતાબા લગભગ પડી ભાગ્યાં હતા, ઘરનાં સર્વેને થયું કે કદાચ શાંતાબા થોડાક મહિના માંડ કાઢશે

## 'ગંગાજળ'

- હર્ષદરાય ઉપાધ્યાય

આજે શાંબાબાનો એંશીમો જન્મદિવસ ઉજવાઇ રહ્યો હતો. એકવડા બાંધઆના અને કમરથી સહેજ વાંકાવળી ગયેલા શાંતાબા ઘરનાં સૌના પ્રિતિપાત્ર છે. યુવાનીમાં વૈધવ્ય મળ્યાં છતાં હિંમતથી ઘરની સંભાળ અને બાળ ઉછેરમાં આખું આયખું ખર્ચી નાંખનાર શાંતાબાના જીવનની કહાની કઠોર કહી શકાય તેવી છે.

પાંત્રીસ વર્ષે જયારે બે દીકરી અને દીકરાનો સુખી સંસાર ચાલતો હતો ત્યારે તેમના પરિવાર ઉપર જાણે કે આભ તૂટી પડ્યું હતું. ભરજુવાનીમાં તેમના પતિનું ટૂંકી માંદગી બાદ કરૂણ મોત થયું હતું. અત્યાર સુધી ગમે તેમ પણ પરિવારનું ગુજરાન થતું હતું પણ હવે દુ:ખનાં દિવસો શરૂ થયા હતા.

પરંતુ શાંતાબાને સમજાયું હતું કે જે પરિસ્થિતિ કુદરતે નિર્માણ કરી છે તેનો સામનો માત્રને માત્ર તેમને જ કરવાનો હતો. સગાંવ્હાલાં કે કુટુંબીજનોનું આપેલું લાંબુ કેટલું ટકવાનું હતું? આથી તેમણે સ્ત્રી ધર્મની સાથે સાથે કમાવાની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધી હતી. બાળકોને તૈયાર કરવાં, ભણાવવા, સામાજિક સંબંધો સાચવવા અને આ બધાંથી વિશેષ કમાણી માટે મથવાનું એમ સૌ ભાર તેમણે એકલાંએ જ ઉપાડી લીધો.


સવારે ચાર વાગે તો તેઓ પથારી ત્યાગી દેતાં અને પછી કામમાં એવાં જોતરાઇ જતાં કે ક્યારે રાત પડી અને ક્યારે તેઓ થાકીને લોથ થઇ પથારી ભેગાં થતાં તેની સમજમ પણ તેમને નહોતી પડતી!

તેમણે કદી તેમની જાતની દરકાર લીધી જ નહોતી. અરે! બિમાર હોય તો પણ નિત્યક્રમ પ્રમાણે જ કામ કર્યા કરે. આમને આમ તેમનું શરીર ઘસાતું ચાલ્યું.

પણ સમય તેનું કામ કર્યા જ કરે છે તે પ્રમાણે વર્ષો વિતતાં ગયાં અને બાળકો તેમના જીવનમાં ગોઠવાતાં ગયાં. બંને દીકરીઓને સારૂં સાસરૂં મળ્યું હતું.

દીકરો વિનય પણ નામ પ્રમાણે જ ગુણ ધરાવતો હતો. માએ કરેલું તે લગીતે ભૂલી શકે તેમ ન હતો. તે શાંતાબાને હંમેશાં અત્યંત અને માનથી બોલાવતો. અને તેમનાં પડ્યા બોલ તે ઝીલી લેતો હતો. તેનાં લગ્ન થયાં હતા અને તેને સુશીલ અને સંસ્કારી પત્ની મળી હતી. દુ:ખના દિવસો કાયમી રહેતા નથી. ધીરે ધીરે શાંતાબાના ઘરમાં સુખ અને પૈસા આવવાં લાગ્યાં. લાગતું હતું કે દુ:ખના દિવસો પુરા થયા હતા.

પરંતુ કુદરતના ચોપડે હિસાબ કંઇક જુદો જ હતો. હમણાં હમણાંનું શાંતાબાને માથામાં દુ:ખાવો ઉપડવાનું શરૂ થયું હતું. ઉંમરનો પ્રભાવ હશે એમ માની દવાઓથી તાત્કાલિક તેમને મટે તેવા પ્રયત્નો થતા. થોડો સમય સારૂં લાગતું પણ વળી



માથાનો દુ:ખાવો શરૂ થઇ જતો. વિનયે એક વખત નિષ્ણાત ડોકટરોને બતાવ્યું અને કેટલાક ફોટા અને ટેસ્ટના અંતે ડોકટરે જે નિદાન કર્યું તે સાંભળતાં શાંતાબા અને પરિવાર ઉપર જાણે કે આભ તૂટી પડ્યું હોય તેમ થયું.

શાંતાબાને મગજનું કેન્સર હતું. જીવલેણ બિમારી હતી. માંડ સુખના દિવસો આવ્યાં ત્યાં આ સંકટથી શાંતાબા હમચમી ગયાં. લગભગ તૂટી ગયાં અને હિંમત હારી ગયાં.

હજી તો તેમને માંડ સાઠ વર્ષ થયાં હતા. થોડાક સમયના તે મહેમાન હતાં તે વાત તેમણે કેમે કરી માંડ માંડ ગળે ઉતારી અને થઇ પણ શું શકે? કેન્સરનો ઇલાજ કદાચ થઇ શકે પણ કેન્સરથી છૂટકારો તો શક્ય જ ન હતો. ટ્રીટમેન્ટ શરૂ થઇ અને બીજી બાજુ તેમણે દાન-પુણ્ય શરૂ કરી દીધાં. જેટલું જીવા તેટલું પણ પુન્યનું ભાથું બાંધવું જ તેવા મક્કમ નિર્ધારથી તે જીવવા લાગ્યાં.

સમય જેમ સરતો ગયો તમે રોગ ગંભીર બનતો ગયો. હવે તો શરીર ક્ષીણ થવા લાગ્યું હતું. તનથી અને મનથી શાંતાબા લગભગ પડી ભાગ્યાં હતા. ઘરનાં સર્વેને થયું કે કદાચ શાંતાબા થોડાક મહિના માંડ કાઢશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)